Tuesday
17.01.2023
✳Volume :7 ✳ Issue No.168
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-




# આપણા સશસ્ત્ર દળોને આધુનિક બનાવવા તેમજ તેમને આત્મનિર્ભર બનાવવાના પ્રયાસો ચાલુ છે: PM

**પ્રધાનમંત્રી શ્રીએ અગ્નિવીરોની પ્રથમ બેચને સંબોધિત કરી**

## પ્રધાનમંત્રીએ અગ્નિવીરોને વિવિધ ભાષાઓ અને સંસ્કૃતિઓ વિશે પણ વધુ શીખવાની તકનો ઉપયોગ કરવા કહ્યું

**પ્રધાનમંત્રીએ અગ્નિવીરોને પાથ-બ્રેકિંગ અગ્નિપથ યોજનાના પ્રણેતા બનવા બદલ અભિનંદન પાઠવ્યા**

કમલમ્ ન્યુઝ,


પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે ત્રણેય સેવાઓના અગ્નિવીરોની પ્રથમ બેચને વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા સંબોધન કર્યું, જેમણે તેમની મૂળભૂત તાલીમ શરૂ કરી છે. પ્રધાનમંત્રી શ્રીએ અગ્નિવીરોને આ પાથબ્રેકિંગ અગ્નિપથ યોજનાના પ્રણેતા બનવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે હાઈલાઈટ કર્યું હતું કે આ પરિવર્તનકારી નીતિ આપણા સશસ્ત્ર દળોને મજબૂત કરવામાં અને તેમને ભવિષ્યમાં આવનારા પડકારો માટે તૈયાર કરવામાં ગેમ ચેન્જર સાબિત થશે. પ્રધાનમંત્રી શ્રીએ ખાતરી આપી હતી કે યુવા અગ્નિવીર સશસ્ત્ર દળોને વધુ યુવા અને ટેક સેવીબનાવશે. અગ્નિવીરોની ક્ષમતાને બિરદાવતા તેમણે કહ્યું કે તેમની ભાવના સશસ્ત્ર દળોની બહાદુરીનું પ્રતિબિંબ પાડે છે જેણે હંમેશા રાષ્ટ્રના ધ્વજને ઊંચો રાખ્યો છે. તેમણે કહ્યું કે આ તક દ્વારા તેઓ જે અનુભવ મેળવશે તે જીવન માટે ગૌરવનો સ્રોત બની રહેશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે નવું ભારત નવા જોશથી ભરેલું છે, અને આપણા સશસ્ત્ર દળોને આધુનિક બનાવવા તેમજ તેમને આત્મનિર્ભર બનાવવાના પ્રયાસો ચાલુ છે. તેમણે કહ્યું કે ૨૧મી સદીમાં યુદ્ધ લડવાની રીત બદલાઈ રહી છે. કોન્ટેક્ટલેસ વોરફેરના નવા મોરચા અને સાયબર વોરફેરના પડકારો અંગે ચર્ચા કરતા તેમણે કહ્યું કે

**પ્રધાનમંત્રીએ હાઇલાઇટ કર્યું કે આ પરિવર્તનકારી નીતિ આપણા સશસ્ત્ર દળોને મજબૂત બનાવવામાં અને તેમને ભવિષ્ય માટે તૈયાર કરવામાં ગેમ ચેન્જર સાબિત થશે**

ટેકનોલોજીની રીતે અદ્યતન સૈનિકો આપણા સશસ્ત્ર દળોમાં મુખ્ય ભૂમિકા ભજવશે. તેમણે ઉમેર્યું કે વર્તમાન યુવા પેઢીમાં ખાસ કરીને આ ક્ષમતા છે અને તેથી અગ્નિવીર આવનારા સમયમાં આપણા સશસ્ત્ર દળોમાં અગ્રણી ભૂમિકા ભજવશે. આ યોજના મહિલાઓને વધુ સશક્ત કેવી રીતે કરશે તે વિશે પણ પ્રધાનમંત્રીએ વાત કરી હતી. તેમણે કેવી રીતે મહિલા અગ્નિવીરોને નૌકાદળના દળોમાં ગૌરવ વધાર્યું છે તે અંગે ખુશી વ્યક્ત કરી અને કહ્યું કે તે ત્રણેય દળોમાં મહિલા અગ્નિવીરોને જોવા માટે ઉત્સુક છે. પ્રધાનમંત્રી શ્રીએ સિયાચીનમાં તૈનાત મહિલા સૈનિક અને આધુનિક ફાઈટર પ્લેન ચલાવતી મહિલાઓના ઉદાહરણો ટાંકીને એ પણ યાદ કર્યું કે કેવી રીતે મહિલાઓ વિવિધ મોરચે સશસ્ત્ર દળોનું નેતૃત્વ કરી રહી છે. પ્રધાનમંત્રી શ્રીએ કહ્યું કે વિવિધ પ્રદેશોમાં પોસ્ટ થવાથી તેમને વિવિધ અનુભવો મેળવવાની તક મળશે અને તેઓએ વિવિધ ભાષાઓ અને વિવિધ સંસ્કૃતિઓ અને જીવન જીવવાની રીતો વિશે પણ શીખવાનો પ્રયાસ કરવો જોઈએ. તેમણે કહ્યું કેટીમ વર્કઅને નેતૃત્વ કૌશલ્યનું સન્માન તેમના વ્યક્તિત્વમાં એક નવું પરિમાણ ઉમેરશે. તેમણે અગ્નિવીરોને તેમની પસંદગીના ક્ષેત્રોમાં તેમની કુશળતાને બહેતર બનાવવા માટે કામ કરવાની સાથે સાથે નવી વસ્તુઓ શીખવા માટે ઉત્સુક રહેવા માટે પ્રોત્સાહન આપ્યું. યુવાનો અને અગ્નિવીરોની ક્ષમતાને બિરદાવતા પ્રધાનમંત્રી શ્રીએ એમ કહીને સમાપન કર્યું કે તેઓ જ ૨૧મી સદીમાં રાષ્ટ્રને નેતૃત્વ પ્રદાન કરવા જઈ રહ્યા છે

# ગાંધીનગરમાં ૨૨થી ૨૪ જાન્યુઆરી, ૨૦૨૩ દરમિયાન બી-૨૦ ઇન્સેપ્શનની બેઠક યોજાશે

## કેન્દ્રીય મંત્રી શ્રી પીયૂષ ગોયલ, શ્રી અશ્વિની વૈષ્ણવ, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને જી૨૦ માટે ભારતના શેરપા શ્રી અમિતાભ કાંત ૨૩ જાન્યુઆરીએ ઉદ્ઘાટન સત્રમાં ઉપસ્થિત રહેશે



કમલમ્ ન્યુઝ, વડોદરા,

ગાંધીનગર, ૧૫ જાન્યુઆરી: માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરદર્શી નેતૃત્વમાં ભારતે જી૨૦ની અધ્યક્ષતા પ્રાપ્ત કરી છે અને તમામની સુખાકારી માટે વ્યવહારિક વૈશ્વિક ઉકેલો શોધીને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા માંગે છે. ભારત માટે જી૨૦ની અધ્યક્ષાતા દેશના ઈતિહાસમાં નિર્ણાયક બાબત છે, કારણકે તે આઝાદી કા અમૃત મહોત્સવ સાથે એકરૂપ થશે. ૧૮મી જી-૨૦ સમિટ સપ્ટેમ્બર ૨૦૨૩માં આયોજિત થશે. ગુજરાત શ્રેણીબદ્ધ ચર્ચાઓ, વિચાર-વિમર્શ અને બેઠકોના આયોજન સાથે આ ઐતિહાસિક ઘટનામાં પોતાની ભૂમિકા ભજવવા માટે સજ્જ છે. ગુજરાતમાં યોજાનારી ૧૫ બેઠકોમાંથી પ્રથમ બેઠક બિઝનેસ ૨૦ ઈન્સેપ્શન મીટિંગ છે, જે ગાંધીનગરમાં ૨૨ થી ૨૪ જાન્યુઆરી, ૨૦૨૩ દરમિયાન યોજાશે. બી-૨૦ ઈન્સેપ્શનના ઉદ્ઘાટન સમારોહમાં માનનીય કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ, કાપડ, ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી શ્રી પીયૂષ ગોયલ, માનનીય કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી, કોમ્યુનિકેશન્સ અને રેલ્વે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ જી૨૦ માટે ભારતના શેરપા શ્રી અમિતાભ કાંત ઉપસ્થિત રહેશે. આ સાથે જ, B20 ઈન્ડિયા હેઠળ બિઝનેસ એજન્ડા પર પરિણામલક્ષી ચર્ચાઓ અને વિચાર-વિમર્શને પ્રોત્સાહિત કરવા માટે મ્૨૦ના અધ્યક્ષ તેમજ ટાટા સન્સના ચેરમેન શ્રી એન. ચંદ્રશેખરન અને ૧૫૦થી વધુ પોલિસી મેકર્સ, થોટ લીડર્સ, બિઝનેસ એક્ઝિક્યુટિવ્સ, સીઈઓ, અને જી૨૦ દેશોની એન્ટરપ્રાઈઝોનું પ્રતિનિધિત્વ કરતા સિનિયર એક્ઝિક્યુટિવ્સ તેમજ સંખ્યાબંધ બહુપક્ષીય સંસ્થાઓના પ્રતિનિધિઓ પણ ઉદ્ઘાટન બેઠકમાં હાજરી આપશે. ગુજરાત સરકાર જી-૨૦ પ્રતિનિધિઓ માટે રાત્રિભોજનનું આયોજન કરશે અને ત્યારબાદ દાંડી કુટીરની મુલાકાત લેશે. આ પ્રતિનિધિમંડળ મહાત્મા મંદિરના એમ્ફી થિયેટર ખાતે ગરબા અને દાંડિયાની સમૃદ્ધ સાંસ્કૃતિક પરંપરાનો પણ અનુભવ કરશે. સરકારે ગાંધીનગરના પુનિત વનમાં જી૨૦ પ્રતિનિધિઓ માટે યોગ અને આયુર્વેદ સત્રનું પણ આયોજન કર્યું છે. આ સાથે, કાર્યક્રમના સ્થળ પર લાઈવ ક્રાફ્ટ ડેમો અને બાજરી સ્ટેશન પણ ઊભું કરવામાં આવશે. આ પ્રતિનિધિઓ ઉભરતા વૈશ્વિક ફિન-ટેક સિટી, ગિફ્ટ સિટીની પણ મુલાકાત લેશે તેમજ ગુજરાતના વારસા અને સંસ્કૃતિની ઝલક મેળવવા માટે તેઓ અડાલજની વાવની મુલાકાત લેશે અને ત્યારબાદ પુનિત વન ખાતે ઈકો ટુર કરશે. બી-૨૦ ઈન્સેપ્શન બેઠકનો મુખ્ય કાર્યક્રમ બી-૨૦ ઈન્ડિયા સેક્રેટરિએટ દ્વારા બનાવવામાં આવ્યો છે, જે "R.A.I.S.E રિસ્પોન્સીબલ, એક્સલરેટેડ, ઈનોવેટિવ, સસ્ટેનેબલ એન્ડ ઈક્વીટેબલ બિઝનેસ: જવાબદાર, ઝડપી, નવીન, ટકાઉ અને સમાન વ્યવસાયો"ના વિષય પર આધારિત હશે. ઈન્સેપ્શન મીટિંગ મ્૨૦ ઈન્ડિયા હેઠળના તમામ ટાસ્ક ફોર્સ અને એક્શન કાઉન્સિલના પ્રમુખપદના કાર્યને ઔપચારિક રીતે શરૂ કરશે. આ મીટિંગમાં નક્કી કરેલી પ્રાથમિકતાઓ પર ચર્ચા કરવામાં આવશે, અને આ મીટિંગ લીડર્સ સમિટ પહેલા જી૨૦માં સબમિટ કરવા માટેના પોલિસી રેકમેન્ડેશન્સ ઘડવાની દિશામાં કામ શરૂ કરશે. મ્૨૦ પ્રતિનિધિઓ ક્લાઈમેટ ચેન્જ, યુદ્ધ અને મહામારીના સમયમાં સરહદ પારનો ડિજિટલ સહયોગ, સસ્ટેનેબલ અને રેઝિલિયેન્ટ વેલ્યુ ચેઈન્સ, નેટિઝન્સ વચ્ચે ઈનોવેશનનું સ્તર વધારવું, અને વિવિધ સામાજિક-આર્થિક પરિસ્થિતિઓ ધરાવતા સમુદાયોને સશક્ત બનાવવા માટે નાણાકીય સમાવેશ જેવા બહુપક્ષીય વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા અને વિચાર-વિમર્શ કરશે. વધુમાં, ટાસ્ક ફોર્સ રેઝિલિયન્ટ ગ્લોબલ ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ માટે ઈક્લુઝિવફ્ઝ પર કામ કરશે, તેમજ કામના ભાવિ, કૌશલ્ય અને ગતિશીલતા, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને વૈશ્વિક આર્થિક પુન:પ્રાપ્તિ માટે ધિરાણની ચર્ચા કરશે. સત્રોના થીમ આ પ્રમાણે છે- "ક્લાઈમેટ એક્શન: એક્સિલરેટિંગ ટુવર્ડ્સ નેટ ઝીરો એનર્જી ફોર ગ્રીનર એન્ડ સસ્ટેનેબલ ફ્યુચર", "રિથિંકીંગ એન્ડ રિવાઈટલાઈઝીંગ ઈનોવેશન ટુ ડ્રાઈવ, ઈક્લુઝીવ ઈમ્પેક્ટ", "રિડિફાઈનીંગ ધ ગ્લોબલ ડિજીટલ કોઓપરેશન: અ કોલ ફોર એક્શન", "બિલ્ડીંગ રેઝિલ્યન્ટ ગ્લોબલ વેલ્યુ ચેન્સ: એડવાન્સિંગ ઈક્લુઝન એન્ડ ઈન્ટીગ્રેશન ઓફ ઓલ" અને "ફોસ્ટરીંગ ફાયનાન્શિયલ ઈક્લુઝન એન્ડ એમ્પાવરીંગ સોસાઈટીઝ".

# ભારતનો ઈતિહાસ સમૃદ્ધ અને ભવ્ય છે, જે અભૂતપૂર્વ બહાદુરી, શૌર્ય, બલિદાન, તપસ્યા, યુદ્ધો અને આપણા નાયકોની જીતની ગાથાઓથી ભરેલો છે:શ્રી અમિત શાહ

**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં આઝાદી કા અમૃત મહોત્સવ એ આઝાદીનાં ૭૫ વર્ષ અને ભારતના લોકોના ગૌરવશાળી ઇતિહાસ, સંસ્કૃતિ અને સિદ્ધિઓને ઉજવવા અને યાદ કરવા માટેની ભારત સરકારની એક પહેલ છે**



કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં આઝાદી કા અમૃત મહોત્સવ એ આઝાદીનાં ૭૫ વર્ષ અને ભારતના લોકો, સંસ્કૃતિ અને સિદ્ધિઓના ગૌરવશાળી ઈતિહાસને ઉજવવા અને યાદ કરવા માટેની ભારત સરકારની એક પહેલ છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ૭૫મા સ્વતંત્રતા દિવસના પ્રસંગે તેમનાં વકતવ્યમાં તમામ ભારતીયોને તેમના વારસા પર ગર્વ લેવા અપીલ કરી હતી. ભારત સમૃદ્ધ અને ગૌરવશાળી ઈતિહાસ ધરાવે છે, જે અભૂતપૂર્વ બહાદુરી, શૌર્ય, બલિદાન, તપસ્યા, યુદ્ધો અને આપણા નાયકોની જીતની ગાથાઓથી ભરેલો છે. ભારતમાતાના આવા જ એક મહાન સપૂત નેતાજી સુભાષચંદ્ર બોઝ હતા, સ્વતંત્રતા સંગ્રામમાં તેમનાં યોગદાને ભારતીયોની પેઢીઓને પ્રેરિત કરી છે અને દેશવાસીઓમાં ગર્વની ભાવના જગાવી છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહનાં માર્ગદર્શન હેઠળ ગૃહ મંત્રાલય ભારતની આઝાદીનાં ૭૫ વર્ષની ઉજવણી કરવા માટે ૧૭થી ૨૩ જાન્યુઆરી, ૨૦૨૩ સુધી આઝાદી કા અમૃત મહોત્સવ આઈકોનિક ઈવેન્ટ્સ સપ્તાહની ઉજવણી કરી રહ્યું છે. નેતાજી સુભાષચંદ્ર બોઝનાં જીવન અને સ્વતંત્રતા સંગ્રામમાં તેમનાં યોગદાનની થીમ પર આ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ ૨૩ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ આંદામાન અને નિકોબાર ટાપુના પોર્ટ બ્લેર ખાતે આયોજિત એક ભવ્ય સમાપન સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમોનું આયોજન કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો અને કેન્દ્રીય પોલીસ સંસ્થાઓ, આંદામાન અને નિકોબાર ટાપુઓનાં વહીવટીતંત્ર તથા મણિપુર, નાગાલેન્ડ, ગુજરાત, ઓડિશા અને પશ્ચિમ બંગાળની રાજ્ય સરકારો સાથે સહયોગ સાધી નેતાજીનાં જીવન અને કાર્ય સાથે સંબંધિત સ્થળો પર કરવામાં આવશે. મણિપુરમાં ૧૭મી જાન્યુઆરીએ મંત્રીપુખરી, કીથલમાંબી, કાંગવાઈ, મોઈરાંગ અને નામ્બોલ ખાતે, નાગાલેન્ડમાં ૧૮મી જાન્યુઆરીએ રૂઝાઝો અને ચેસેઝુ વિલેજ, કોહિમા ખાતે, ગુજરાતમાં ૧૯ જાન્યુઆરીએ હરિપુરા, બારડોલી અને સુરતમાં, ઓડિશામાં ૨૦ જાન્યુઆરીએ કટક ખાતે અને પશ્ચિમ બંગાળમાં ૨૧ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ કોલકાતામાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં નેતાજીનાં અપાર યોગદાનની ઉજવણી કરતી અનેક પ્રવૃત્તિઓ આ સ્થાનો પર સમગ્ર સપ્તાહ દરમિયાન યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. જનભાગીદારીની ભાવનાથી, તમામ કાર્યક્રમોમાં મોટા પાયે લોકોની ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે આ કાર્યક્રમોની રચના કરવામાં આવી છે, જેથી નાગરિકો આપણા રાષ્ટ્રીય નાયકોમાંથી પ્રેરણા લઈ શકે અને તેઓ જે મહાન આદર્શો માટે ઊભા હતા તેને આગળ ધપાવી શકે. આંદામાન અને નિકોબાર દ્વીપસમૂહના પોર્ટ બ્લેરમાં એક ભવ્ય આયોજન કરવામાં આવશે, જ્યાં નેતાજીએ ભારતને આઝાદી મળી તેના ઘણા સમય પહેલા ૩૧.૧૨.૧૯૪૩ના રોજ ભારતની ભૂમિ પર સૌપ્રથમ વાર ત્રિરંગો લહેરાવ્યો હતો. ગૃહ મંત્રાલયનું આઈકોનિક ઈવેન્ટ્સ વીક ભારતની આઝાદીની લડતમાં નેતાજી સુભાષચંદ્ર બોઝનાં જીવન અને યોગદાનનું પ્રતીક છે. તે તેમના ઉચ્ચ આદર્શોનું સ્મરણ છે અને સમગ્ર દેશ માટે આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓનાં જીવનમાંથી પ્રેરણા લેવાની ક્ષણ છે.

